RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 200 * Date: 11.05.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારતે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું', ભારતીય સેનાનું સત્તાવાર નિવેદન



ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામની જાહેરાત થયા બાદ ભારતીય સંરક્ષણ મંત્રાલયે ફરી કોન્ફરન્સ યોજી છે. આ દરમિયાન કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે, 'પાકિસ્તાન ખોટા અહેવાલો ફેલાવી રહી છે. પાકિસ્તાનની પ્રેસ કોન્ફરન્સમાં કહેવાયું છે કે, ભારતીય સેનાએ મસ્જિદોને નિશાન બનાવ્યા, જોકે આવું કંઈ થયું જ નથી. અમે આતંકીઓને નિશાન બનાવી જવાબદારીથી કાર્યવાહી કરી હતી.'કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે, 'પાકિસ્તાનના એર ડિફેન્સ સિસ્ટમ, રડાર સિસ્ટમને બેકાર કરી દીધા છે. નિયંત્રણ રેખા પાસે પાકિસ્તાનના કમાન્ડ એન્ડ કંટ્રોલ લોજિસ્ટિક, તેમના મિલિટ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૈનિકોને ઘણું નુકસાન થયું છે. સેનાએ પાકિસ્તાનની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓ નષ્ટ કરી દેવાઈ છે. હું ફરી કહેવા માંગું છું કે, ભારતીય સશસ્ત્ર દળો સંપૂર્ણ તૈયાર અને સતર્ક છે અને ભારતની સંપ્રભુતા અને અખંડતતાનું રક્ષણ કરવા માટે સંપૂર્ણ સમર્પિત છે.'

તેમણે કહ્યું કે, 'ભારતે મસ્જિદોને નુકસાન પહોંચાડ્યું હોવાનું પાકિસ્તાન દ્વારા કહેવામાં આવી રહ્યું છે. જોકે ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે અને ભારતની સેના તેના મહત્ત્વને જાણે છે. અમે તેમના મિલેટ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડ્યું છે. ભારતે પાકિસ્તાનના એરફીલ્ડ સ્કર્દૂ, જકૂબાબાદ, સરગોદા અને બુલારીને ઘણું નુકસાન કર્યું છે.' પાકિસ્તાન દ્વારા ખોટી માહિતી ફેલાવવાના ચલાવાત અભિયાનનો ઉલ્લેખ કરી કર્નલ સોફિયાએ કહ્યું કે, 'પાકિસ્તાને ત્નહ્વ-૧૭ દ્વારા આપણા જી-૪૦૦ અને બ્રહ્મોસ મિસાઈલ બેઝને નુકસાન પહોંચાડ્યું હોવાનો તેમજ આપણા એરફીલ્ડ સિરસા, જમ્મુ, પઠાણકોટ અને ભુજ પર હુમલો કર્યો હોવાની વાત પણ ખોટી છે. આ ઉપરાંત આપણા ચંડીગઢ અને વ્યાસ સ્થિત હથિયાર ભંડારો ઉપર હુમલો થયો હોવાની માહિતી પણ ખોટી છે.'

કમોડોર રઘુ આર.નાયરે કહ્યું કે, 'ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેના માતૃભૂમિની રક્ષા કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે સંપૂર્ણપણે તૈયાર અને સતર્ક છીએ. પાકિસ્તાનના કોઈપણ હરકતનો બળપૂર્વક જવાબ આપવામાં આવ્યો છે, જો તેઓ તણાવ વધુ વધારવાનો પ્રયાસ કરશે તો તેમને નિર્ણાયક જવાબ આપવામાં આવશે.

## ગુજરાતમાં યુનિવર્સિટી-કોલેજોની પરીક્ષા રદ કે મોકૂફ રખાઈ નથી

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલની સંઘર્ષ અને તણાવભરી સ્થિતિને લઈને સીએ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ૧૪મી સુધીની તમામ પરીક્ષાઓ રદ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટમાં ડેપ્યુટી સેકશન ઓફિસર અને બેલિફની પોસ્ટ માટેની એનટીએની ૧૧મીની પરીક્ષા પણ મોકૂફ કરાઈ છે. જ્યારે બીજી બાજુ યુજીસી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે યુનિ.-ઓ-કોલેજોની પરીક્ષાઓ રદ કરવા માટે કોઈ પણ પ્રકારનો પરિપત્ર થયો નથી. સોશિયલ મીડિયામાં ફેક લેટર ફરતો થયો છે.ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા મહત્વની જાહેરાત કરવામા આવી છે કે દેશમાં હાલ સુરક્ષાની ગંભીર સ્થિતિને લઈને સીએની બાકીની તમામ પરીક્ષાઓ મોકૂફ કરવામા આવે છે. ઈન્સ્ટિટ્યુટ દ્વારા દેશભરમાં સીએ ફાઈનલ અને ઈન્ટરમીડિએટ પ્રોગ્રામની મે સેશનની પરીક્ષાઓ ચાલી રહી હતી અને જે ૧૪મી સુધી ચાલનાર હતી.પરંતુ ઈન્સ્ટિટ્યુટ દ્વારા આ પરીક્ષાઓ મોકૂફ કરી દેવામા આવી છે.આ ઉપરાંત પોસ્ટ ક્વોલિફિકેશન કોર્સ એક્ઝામિનેશન-ઈન્ટરનેશનલ ટેકસેશન એસેસમેન્ટ ટેસ્ટ પણ મોકૂફ કરી દેવામા આવી છે.આ પરીક્ષાઓની નવી તારીખો ઈન્સ્ટિટ્યુટ દ્વારા પછીથી જાહેરાત કરવામા આવશે.આ ઉપરાંત ઉમેદવારોની રજૂઆતોને પગલે એનટીએ દ્વારા ૧૧મીએ લેવાનાર ડેપ્યુટી સેકશન ઓફિસર અને બેલિફ(પ્રોસેસ સર્વર) ભરતી માટેની પરીક્ષા પણ મોકૂફ કરાઈ છે.જ્યારે બીજી બાજુ યુજીસી દ્વારા સ્પષ્ટતા કરવામા આવી છે




## વડોદરા પોલીસ દ્વારા બહારથી આવતા લોકોનું ચેકિંગ, શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે જાણ કરવા અપીલ



વડોદરા પોલીસે આંતરિક સુરક્ષાના ભાગરૂપે કેટલાક મહત્વના પગલાં લીધા છે. જેમાં ખાનગી સિક્યુરિટી એજન્સીના ૧૦,૦૦૦ જેટલા કર્મચારીઓની પણ મદદ લેવામાં આવી છે. જયારે સાયબર સેલની બે ટીમો દ્વારા દેશવિરોધી પ્રવૃત્તિઓ ને લગતા તેમજ સેનાનું મનોબળ તોડતા મેસેજ ઉપર નજર રાખવામાં આવી રહી છે. પોલીસ દ્વારા વડોદરામાં જુદી જુદી ૨૦થી વધુ જગ્યાએ નાકાબંધી કરીને બહારથી આવતા હોય તેવા લોકોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે તાજેતરમાં જ પોલીસ દ્વારા બાંગ્લાદેશીઓના સર્ચ ઓપરેશન માટે ૨૦૦૦થી વધુ શકમંદો ને ચેક કરવામાં આવ્યા હતા.

## પત્ની સાથે આડા સંબંધની આશંકાએ પતિનો બાઉંસર ઉપર ચાકુ વડે હુમલો

શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં પત્ની સાથે આડા સંબંધની આશંકાએ પતિએ યુવક ઉપર ચાકુ વડે હુમલો કરતા પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં રહેતા ૩૪ વર્ષીય હિમાંશુ ધુમાલ ઈવેન્ટ મુજબ બાઉન્સર તરીકે કામ કરે છે. તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, તા. ૯ મે શુક્રવાર રાત્રે ૨ કલાકે રૂપેશ સિંદે (રહે -બરાનપુરા )એ મને ફોન કરી કહ્યું હતું કે, ×તું મારી પત્ની સાથે આડા સંબંધ કેમ રાખે છે.× ત્યારબાદ રૂપેશ અને તેની પત્ની દાંડિયા બજાર સિદ્ધિવિનાયક મંદિર સામેના બસ સ્ટેન્ડ પાસે પહોંચ્યા હતા. અને હું પણ ત્યાં પહોંચ્યો હતો. આ દરમ્યાન રૂપેશ સિંદેએ તું કેટલા વખતથી મારી પત્ની સાથે આડા સંબંધ રાખે છે, તેમ કહી અપશબ્દો બોલી મારામારી કરી અચાનક થાપાના ભાગે ચાકુ વડે હુમલો કરી દીધો હતો. આ સમયે હિમાંશુના મિત્રો આવી પહોંચતા રૂપેશ પત્ની સાથે નાસી છૂટ્યો હતો. મિત્રોએ મને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો.

## વધુ રકમની માંગણી કરી પરેશાન કરતા ૪ વ્યાજખોર વિરુદ્ધ વેપારીની ફરિયાદ

શહેરના શાકભાજી અને ફ્રુટના વેપારીએ વડીલોપાર્જીત જમીન છોડાવવા રૂ. ૨.૭૯ કરોડની રકમ વ્યાજે લીધા બાદ રૂ. ૨.૯૧ કરોડની રકમ પરત ચૂકવવા છતાં વધુ રકમની માંગણી કરી પરેશાન કરતા ૪ વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.શહેરના ગોત્રી સેવાસી વિસ્તારમાં રહેતો વિવેક માઈન સેવાસી ટીપી ૧ ખાતે ફ્રુટ અને શાકભાજીનો વેપાર કરે છે. તેણે ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ ૨૦૨૪ -૨૫માં મહારાષ્ટ્રની વડીલોપાર્જીત જમીન છોડાવવા નાણાની જરૂરિયાત ઉદ્ભવતા વ્યાજે રકમ લીધી હતી. જેમાં દશરથ જેસિંગ ભરવાડ (રહે -વારસિયા) પાસેથી રૂ.૨૪ લાખ જેટલી રકમ વ્યાજે લીધા બાદ વ્યાજ સહિત રૂ.૬૩.૭૯ લાખ રકમ ચૂકવી છે. સિક્યુરિટી પેટે દશરથ ભરવાડ બળજબરી પૂર્વક મારી થાર કાર લઈ ગયો હતો. તથા મેહુલ પટેલ (રહે-સેવાસી ગામ) પાસેથીરૂ .૪૪ લાખ જેટલી રકમ વ્યાજ લીધી હોય તેની સામે રૂ.૯ લાખ ચૂકવવા છતાં વધુ રૂ. ૪૪ લાખની માંગણી કરે છે. તેમજ પ્રતિક વ્યાસ (રહે-સેવાસી ગામ) પાસેથી રૂ. ૨ કરોડ જેટલી રકમ વ્યાજે લીધા બાદ તેની સામે રૂ. ૨.૧૭ કરોડ ચૂકવવા છતાં વધુ રૂ. ૨.૨૦ કરોડની માંગણી કરે છે. જ્યારે કેતન ઠક્કર (રહે - ગોત્રી) પાસેથી રૂ.૧૧.૨૫ લાખની રકમ વ્યાજે લીધા બાદ તેની સામે ૨.૨૦ લાખ ચૂકવવા છતાં વધુ રૂ. ૧૧.૨૫ લાખની માંગણી કરે છે. આ ચારેય વ્યક્તિ પૈસાની ઉઘરાણી માટે મને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હેરાનગતિ કરી રહ્યા છે. ઉપરોક્ત ફરિયાદના આધારે તાલુકા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કલોલમાં સઘન વાહન ચેકિંગ:અમદાવાદ-મહેસાણા હાઈવે અને ખાત્રજ રોડ પર પોલીસની કડક તપાસ








કલોલ શહેર પોલીસે આજે શહેરના મુખ્ય માર્ગો પર સઘન વાહન ચેકિંગની કામગીરી હાથ ધરી છે. ભારત-પાકિસ્તાન સરહદ પર વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશની આંતરિક સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવી છે.પોલીસે સિંધબાજ હોટલ નજીક અમદાવાદ-મહેસાણા હાઈવે પર વિશેષ ચેકિંગ પોઈન્ટ ઊભા કર્યા છે. આ ઉપરાંત કલોલ-ખાત્રજ રોડ પર પણ આવતા-જતા વાહનોની ચકાસણી કરવામાં આવી રહી છે.આંતરરાષ્ટ્રીય સુરક્ષાની સાથે દેશની આંતરિક સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા આ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા શંકાસ્પદ વાહનો અને વ્યક્તિઓની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

## તંત્રી લેખ...

## યુકે-અમેરિકા વચ્ચે વેપાર કરારને પગલે બિટકોઈન ફરી એક લાખ ડોલરને પાર

અમેરિકા તથા યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) વચ્ચે વેપાર કરાર થવા સાથે હાલમાં ચાલી રહેલી ટેરિફ વોરમાં રાહત મળવાની શકયતા ઊભી થતા ક્રિપ્ટો કરન્સીસ બજારમાં છેલ્લા ચોવીસ કલાકમાં નોંધપાત્ર રેલી જોવા મળી હતી અને મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન વર્તમાન વર્ષના ફેબ્રુઆરી બાદ ફરી એક વખત ૧,૦૦,૦૦૦ ડોલરની સપાટી પાર કરી ગયો હતો અને મોડી સાંજે ૧,૦૩,૦૦૦ ડોલર આસપાસ કવોટ થતો હતો. વૈશ્વિક સ્તરે નીતિઓમાં ફેરબદલ, સંસ્થાકીય રોકાણકારો દ્વારા ક્રિપ્ટો માર્કેટમાં દાખવાતા રસ તથા બૃહદ આર્થિક પરિબળોને કારણે ક્રિપ્ટોસમાં રિકવરી જોવા મળી રહી હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. અમેરિકા-યુકે વેપાર કરાર બાદ હવે અમેરિકા-ચીન વેપાર કરારને લઈને આશાવાદ ઉપરાંત અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં સ્થિરતાથી બિટકોઈન જેવી જોખમી ડિજિટલ એસેટસ પર પોઝિટિવ અસર જોવા મળી છે. બિટકોઈનની પાછળ અન્ય એસેટસ જેમ કે એથરમમાં બાવીસ ટકા, એકસઆરપીમાં ૮.૭૦ તથા સોલાનામાં ૯.૭૦ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. એથરમનો ભાવ ૨૩૭૫ ડોલર જોવા મળ્યો હતો.

## કટોકટીની સ્થિતિમાં ગાંધીનગરની તૈયારી:દરેક ઘરમાં SOP અને આશ્રય નકશાનું વિતરણ કરાશે



ગાંધીનગર જિલ્લા કલેક્ટર મેહુલ કે. દવેની અધ્યક્ષતામાં આકસ્મિક સંજોગોમાં તકેદારીના ભાગરૂપે ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. કલેક્ટરે ગાંધીનગરના દરેક ઘરમાં એસ.ઓ.પી., ડ્રિલ સેડ્યુલ અને આશ્રય નકશાનું વિતરણ કરવાનો આદેશ આપ્યો છે.કલેક્ટરે આકસ્મિક પરિસ્થિતિમાં નાગરિકોની સુરક્ષા વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપ્યું. તેમણે ફાયર અને મેડિકલ-એમ્બ્યુલન્સની સુવિધા, સિનિયર સિટિઝન અને બાળકોની સુરક્ષા માટે સ્ટાફને સતર્ક રહેવા જણાવ્યું.

જિલ્લામાં કાર્યરત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, હોમગાર્ડ, એન.સી.સી., એન.એસ.એસ., એન.વાય.કે.એસ. અને ભારત સ્કાઉટ એન્ડ ગાઈડસનો સહયોગ લેવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારી બી. જે. પટેલે જણાવ્યું કે જિલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે.મ્યુનિસિપલ કમિશનર જે. એન. વાઘેલાએ જણાવ્યું કે ૧૨-૧૩ શેલ્ટર હોમ્સની વ્યવસ્થા છે. જરૂર પડ્યે વધુ શેલ્ટર હોમ્સ અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી, નિવાસી અધિક કલેકટર અર્જુનસિંહ વણઝારા સહિત આર્મી, એરફોર્સ, સીઆરપીએફ અને બીએસએફના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## સિધ્ધપુર શાળામાંથી કોમ્પ્યુટરની મોટી ચોરી:વેકેશન દરમિયાન ૧૩ મોનિટર અને ૨૬ સીપીયુ ચોરાયા

સિધ્ધપુર તાલુકાના ઠાકરાસણ ગામની સરકારી પ્રાથમિક શાળામાંથી રૂ. ૧.૯૫ લાખની કિંમતના કોમ્પ્યુટર સામાનની ચોરી થઈ છે. શાળામાં ૩ મેથી ૮ મે દરમિયાન અજાણ્યા તસ્કરોએ કોમ્પ્યુટર લેબનો લોખંડનો દરવાજો તોડીને ચોરી કરી છે.

તસ્કરો એસર કંપનીના રૂ. ૫,૦૦૦ની કિંમતના એક એવા કુલ ૧૩ મોનિટર અને રૂ. ૧૦,૦૦૦ની કિંમતના એક એવા ૨૬ સીપીયુ ચોરી કરી ગયા છે. શાળામાં ૫ મેથી ઉનાળુ વેકેશન શરૂ થયું હતું. ૩ મેના રોજ પરીક્ષાના પરિણામો આપ્યા બાદ શિક્ષકોએ તમામ રૂમોને તાળાં મારી દીધા હતા.

૮ મેના રોજ ગામના સરપંચ ઉત્તમ પટેલે શાળાની બિલ્ડિંગની પાછળના રૂમનું તાળું તૂટેલું જોયું હતું. આચાર્ય દિનેશ ચૌધરીને જાણ કરતાં તેઓ શાળા વ્યવસ્થાપક સમિતિના સભ્યો સાથે તપાસ કરવા પહોંચ્યા હતા. શાળામાં કુલ ૧૫ કોમ્પ્યુટરમાંથી ૧૩ ગાયબ હતા.

આ કોમ્પ્યુટર સરકાર દ્વારા ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ફાળવવામાં આવ્યા હતા. તેનું ઈન્સ્ટોલેશન ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. આચાર્ય દિનેશ ચૌધરીએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# રક્ષા મંત્રાલયે કહ્યું- સૂરતગઢ એરફોર્સ સ્ટેશનને નુકસાન પહોંચાડવાનો પાકિસ્તાનનો દાવો ખોટો







વિદેશ અને સંરક્ષણ મંત્રાલયો દ્વારા એક પ્રેસ બ્રીફિંગમાં, રાજસ્થાનમાં સુરતગઢ (શ્રીગંગાનગર) એરફોર્સ સ્ટેશનને નુકસાન પહોંચાડવાના પાકિસ્તાનના દાવાને ખોટો ગણાવવામાં આવ્યો છે. એરફોર્સ સ્ટેશનની સામાન્ય સ્થિતિના ફોટા પણ બતાવવામાં આવ્યા હતા.કલેક્ટર ગૌરવ અગ્રવાલે જોધપુરમાં હવાઈ હુમલાની ચેતવણી જારી કરી છે. સાયરન વગાડીને રસ્તાઓ સાફ કરવામાં આવી રહ્યા છે. પોલીસ ભીડભાડવાળા વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી છે.બીજી તરફ, સીએમ ભજનલાલ શર્માએ મુખ્યમંત્રી કાર્યાલયમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. વિરોધ પક્ષના નેતા ટીકારામ જુલી સહિત ઘણા નેતાઓએ તેમાં હાજરી આપી છે.ભારત-પાકિસ્તાન સરહદે આવેલા જોધપુર, ચુરુ, બાડમેર, હનુમાનગઢ, બિકાનેર (માત્ર નાળ વિસ્તારમાં) જિલ્લાઓમાં રેડ એલર્ટ છે. શ્રી ગંગાનગરમાં વિસ્ફોટોના અવાજ વારંવાર સંભળાઈ રહ્યા છે. ભાસ્કરના રિપોર્ટરે વિસ્ફોટનો અવાજ ચાર વખત સાંભળ્યો છે. અહીં વીજળી પણ કાપી નાખવામાં આવી છે. શનિવારે વહેલી સવારે જેસલમેરના શકુર ખાનના ધાનીમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ, ખેતરમાં આવો ખાડો પડી ગયો હતો. તેમાંથી કેટલાક મિસાઈલ જેવા ટુકડાઓ પણ મળી આવ્યા છે.

# ભગવાન કૃષ્ણની સોળ હજાર એકસો સાંઠ રાણીઓને કેટલું કુટુંબ પેન્શન મળે ???

" ગિરધરભાઇ કશું કર્યા સિવાય રૂપિયાની ગડીઓ મેળવનારને શું કહેવાય?? રાજુ રદી આજકાલ રૂબિક કયુબિક પઝલના મુડમાં હોય છે. છાપામાં સુડોકુ નામે ઓળખાતી શબ્દ પ્રતિયોગિતાનું ચોકઠું-બોકસ બુઠી પેન્સિલથી ( જો કે,રાજુ રદીની બુધ્ધિ પણ પેન્સિલની અણી જેવી બુઠી છે!!) ભરતા ભરતા ત્રણ અક્ષરનો ઉભો-આડો શબ્દ ફાનસ કે માનસ એવું ધોળા દિવસે વિચારતો હોય!! ક્રોસ વર્ડ કે પઝલના ખાલી ખાના ભરતો હોય. ક્યારેક અર્થના અનર્થ પણ કરતો હોય. ભૂતને બદલે ભળતો શબ્દ. જવા દો એ ગાંડિયો માણસ છે!!

" જો રાજુ. આપણે રૈયત છીએ. આપણે (અંધ) ભક્ત છીએ. પ્રજાના પાલનહાર માટે આડું અવળું ન વિચારાય. પર ધાન એટલે પારકા ધાન પર નભના નેતા લોગ ભાંગવા, કાપવા, સળગાવવા જેવા કામ થાક્યા વગર કરતા હોય છે. દિવસના ચોવીસ કલાકમાંથી અઢાર અઢાર કલાક કામ કરે તો પણ દેશની સંપતિ વેચવાનું કામ પૂરું થતું નથી!!" મેં રાજુને આડાઅવળા સવાલો પૂછવા માટે ખખડાવી નાંખ્યો . રાજુ જેવા બેજવાબદાર પત્રકારોને લીધે ફ્રીડમ ઓફ પ્રેસના ડીમડીમ ડીટામાં આપણે છેક એકસો એકાવનમાં એટલે તળિયાના નંબરે છે! જયાં ગનની નોક પર પત્રકારિતા ચાલે છે તે શતમુખ વિનિપાતના આરે ડૂબેલ પાકિસ્તાન આપણા કરતા ઉંચા નંબરે છે!!

ગિરધરભાઇ . મારા હિટલિસ્ટમાં નેતા લોગ નથી. હું હંમેશા લૂંટારાઓનું સન્માન કરૂં છું. મારો સવાલ ચોક્કસ વર્ગ સામે છે." રાજુએ બદનક્ષીના કેસના ભયથી ખાંસડું મોંમાં લીધું કે શું?

" જો રાજુ સંસાર માંડ્યા વગર સંસારીઓના તમામ દુખોનો સાધુબાણ ઈલાજ બાબા, સંતો, મૌલવીઓ,,તાંત્રિકો પાસે હોય છે. દસમા ધોરણમાં પાંચ વાર ડાંડી મારવા છતાં લગભગ બધા ગોલ્ડ મેડાલિસ્ટ હોય છે.પ્રેમ, વશીકરણ, છૂટા છેડા વગેરેનો ઉકેલ ચપટીમાં લાવવાની ડંફાશ મારનાર પોતાના છૂટાછેડાના કેસમાં ફેમિલી કોર્ટમાં દસ વરસથી હાજરી આપી ચપ્પલના તળિયા ઘસી નાંખે છતાં છૂટાછેડા કરાવી શકતા નથી!! સામેની વ્યકિતનેન માયા છોડવાની સલાહ આપનારા માયાને જકડી રાખે છે. તક મળે તો માયાની કાયા જોડે કબડી કે ખોખો રમી લે છે!! તું કદાચ આ વર્ગની વાત કરૂં છું,,ખરૂં કે નહીં??"મેં વધુ એકવાર બ્લાઇન્ડ કાર્ડ ખેલ્યા!!

" ગિરધરભાઇ. તમે હવે ફેંકોલોજીમાં માહિર થઇ ગયા છો!! હું આ વર્ગની પણ વાત કરતો નથી." રાજુ સુપ્રિમ કોર્ટ સરકાર પર નારાજ થાય તેમ મારા પર ભયંકર ધગી ગયો!!

" રાજુ.,અચ્છા જી મેં ચલો હાર ગયા. તું પહેલી બુઝાવવા કરતાં સ્પષ્ટ કહી દે!!" મેં પણ હથિયાર હેઠા મુક્યા .

" ગિરધરભાઇ. હું પેન્શન લેનાર વર્ગની વાત કરૂં છું. કોઇ વ્યકિત માટે દીકરો અ મૂડી ગણાય. દીકરાનો દીકરો કે દીકરી એ મૂડીનું વ્યાજ ગણાય. નોકરિયાત માટે પગાર એ વગર મૂડીનો ધંધો છે. નોકરીયાત માટે પગાર એ મૂડી છે. પેન્શન એ મૂડી પરનું વ્યાજ છે. પેન્શન સમાજ માટે ધી બર્નિંગ ટ્રેન જેવો બર્નિંગ પ્રોબ્લેમ છે. પેન્શન જમને મળે છે એ રાજા રજવાડાઓને રાજ્ય દેશને ચરણે સમર્પિત કરવાની કદરરૂપે સરકાર દ્વારા વાર્ષિક સાલિયાણા પેટે ચૂકવવામાં આવતો દરમાયો હતો. નોકરિયાત જીવનના પાંત્રીસ -ચાલીસ વર્ષ સરકાર પાછળ કુરબાન ( કુરબાન શબ્દ વિધર્મી હોવાથી સમર્પણ-ન્યોછાવર શબ્દનું બંધ કે છતી આંખે વાંચન કરવા પ્રાર્થના છે!!) કરવાની કદરરૂપે પેન્શન મળવું જ જોઈએ તેમ દ્રઢ કે જડતાથી માને છે. જો કે તે ખોટું પણ નથી. કેમ કે નોકરિયાત સરકારના જામાતા કે જમાઈ તરીકે ઓળખાય છે. દીકરી આભ જેટલું માંગે તેમ પણ કહેવાય છે. સરકાર મરો કે પ્રજા મરો પણ નોકરિયાતનું તરભાણું ભરો એ કહેવત પણ પેન્શન પરથી પડી છે તેમ કેટલાક વાંકદેખા કહે છે!! મૂઇ ભેંસના મોટા ડોળા એમ આપણે ત્યાં કહેવાય છે. આપણે ત્યાં જીવતો હાથી લાખનો અમે મરેલો હાથી સવા લાખનો એવું કહેવાય છે. પરંતુ, પેન્શનની બાબતમાં આવું ખાતરીબંધ કહી ન શકાય. કેમ કે, પગાર એ બરફની પાટ હોય તો પેન્શન એ બરફનું નાનકડું ગચિયું છે !! પગારની સરખામણીએ પેન્શન એ બોનસાઇ હાથી છે. જેનો પેન્શનરને સદૈવ અસંતોષ રહે છે" રાજુએ પેન્શન પારાયણ રજૂ કરી!!

" રાજુ.ખાનગી કંપનીમાં કામ કરનાર સરકારી નોકરિયાતને મળતા પેન્શનની કાયમ ઈર્ષા કરતા હોય છે. સરકારના બોર્ડ કોર્પોરેશનમાં નોકરી કરનાર ચાલીસ વરસે નોકરીમાંથી નિવૃત થાય તો અઢી-ત્રણ હજારનું જંગી પેન્શન મેળવે છે. બેશક, આટલું જંગી પેન્શન મળે તો ખાનગી કંપનીમાં નોકરી કરનારને અસૂયા થાય!! કંપની અને આઇટી કંપનીમાં નોકરી કરનારને મળતા પગાર અમે પર્કસ પેકેજ સામે સરકારી નોકરિયાતને મળતો પગાર ચણા મમરા કે કોથમીર -લીમડા જેવો લાગે!! બધાને પત્ની કરતાં પાડોશણ જ રોમેન્ટિક લાગે! પારકે ભાણે મોટો લાડવો લાગે!સરકારી નોકરિયાતોમા્ પણ સિનિયર કરતાં જુનિયરને પગાર પંચ કે પેન્શનમાં વધારે ફાયદો રહે. અહીં બડે મિંયા અને છોટે મિંયા બડે મિંયા થઇ જાય તો પછી સુભાનલ્લાહ કયાંથી થાય??

એક જ હોદા પરથી રીટાયર થાય તેને મળતા પેન્શનની રકમનો ફેરફાર હાથી-ધોડા જેટલો રહે છે. લશ્કરમાં વન રેન્ક વન પેન્શનનો મામલો પેચીદો છે!! સરકારે ૨૦૦૫માં જૂની પેન્શન યોજના બંધ કરી એનપીએસ શરૂ કરી . જે નોકરિયાત માટે ગાય દોહીને વરૂને દૂધ પીવડાવવા સમાન છે!! જે કફનમાં ખિલ્લો લગાવવા બરાબર છે!!" મેં રાજુને કહ્યું." ગિરધરભાઇ પેન્શનરની જમાત પણ ચિત્ર વિચિત્ર છે. નોકરિયાત નોકરીમાં દાખલ થાય ત્યારે અમુક અપવાદને બાદ કરતાં એકપત્નીત્વ કે એકપતિત્વની સ્થિતિમાં હોવો જોઇએ. પરંતુ, નોકરી દરમિયાન કોઇ રમણી જોડે આંખ મળી જાય, લિવ રીલેશન , સાળી વટુ જેવી કળા આચરે તો કાયદેસરની પત્ની ઉપરાંત ઉપવસ્ત્ર- ઉપવસ્ત્રો હોય તો ્પેન્શનર અવસાન પામે પછી જેટલી સ્ત્રીઓ કુટુંબ પેન્શનનો દોવો કરે તેની કાયદેસરતા ચકાસણી કરીને સરખા ભાગે કુટુંબ પેન્શન મંજૂર કરવામાં આવે છે !!" કેટલાક અભાગિયાઓને રીટાયર થયા પછી વીસ પચીસ વરસ થવા છતાં પેન્શન મંજૂર થતું નથી.કામચલાઉ પેન્શન આખરી થવામાં દાયકા વીતી જાય છે!!રાજુએ કહ્યું.

"રાજુ . ભગવાન કૃષ્ણ દ્વારકાના રાજા હતા . તેમને આઠ પટરાણી સહિત સોળ હજાર એકસો સાંઠ રાણી હતી.જો ભગવાન કૃષ્ણ સરકારી નોકરી કરતા હોત અને નિવૃત થયા પછી અવસાન પામે તો બધી રાણીઓને સરખા ભાગે પેન્શન મળે???" વૈતાળ વિક્રમ રાજાને પ્રશ્ન પૂછે તેમ મેં રાજુને સ્ફોટક સવાલ પૂછ્યો !!

રાજુ રદી દિંગમૂઢ બની ગયો. ઘડીકમાં આંગળીના વેઢા ગણે, હિસાબ કરતો રહ્યો, માથું ખંજવાળતો ખંજવાળતો ફૂટબોલની જેમ તેના ઘર જવા રવાના થયો!!!

## ગોરૈયા પ્રા.શાળાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો




વિરમગામ તાલુકાના મોટા ગોરૈયા ગામે ૧.૮૩ કરોડના ખર્ચે બનેલ સરકારી પ્રાથમિક શાળાનું ધારાસભ્ય હાર્દિક પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.હાર્દિકભાઈએ કહ્યું કે વિરમગામ વિધાનસભાના ૪૫ ગામોમાં સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ ૩ ગામોમાં સરકારી માધ્યમિક શાળાઓના કામકાજ પ્રગતિ હેઠળ છે, ગુજરાત સરકારના શ્રેષ્ઠ પ્રયાસોથી ગામડાઓનું શિક્ષણ મજબૂત બને તે દિશામાં તમામ પ્રયાસો થઈ રહ્યા છે માટે જ કહી શકાય કે શિક્ષણ ક્ષેત્રે વિરમગામ તાલુકો સધ્ધર બની રહ્યો છે. આજના પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ કંચનબા વાઘેલા, કારોબારી ચેરમેન પ્રમોદભાઈ પટેલ, જિલ્લા સદસ્ય વિષ્ણુભાઈ જાદવ, તાલુકા પંચાયતના પ્રમુખ જનકભાઈ પટેલ, વિરમગામ તાલુકા ભાજપના પ્રમુખ વિક્રમજી ઠાકોર અને મહામંત્રી વાલાભાઈ ભરવાડ તથા ચૂંટાયેલી પાંખ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ પણ પ્રકારના ડ્રોન ઉડાડવા તથા ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ



ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવજનક સ્થિતિ હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આજ રોજથી (તા.૦૯/૦૫/૨૦૨૫) તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ પણ પ્રકારના ડ્રોન ઉડાડવા તથા કોઈ પણ જાતના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દેવભૂમિ દ્વારકાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદ વિસ્તારમાં કોઈ પણ પ્રકારના ડ્રોન ઉડાડવા તથા કોઈ પણ જાતના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.-




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG* *SS* *No.* *0185.*

વિષયઃ- મનગમતી રચના
શીર્ષકઃ- ભીતરે ટાઢક
પ્રકારઃ- કાવ્ય, શબ્દ સંખ્યાઃ- ૧૦૨.

પાણીને બરફમાં ફેરવીને તો હું ચાલું તો ખરો,
સમયની નજાકત ઓળખી હું ચાલુ તો ખરો!
ચડતી પડતીની પાંખોએ નભમાં ઊડું તો ખરો,
અનુભવોની તીખાશને કલમે સજાવું તો ખરો,
અંતેપ.જીવન સત્યને સમજી માણું તો ખરો.

બરફ તેનાં સ્વભાવે ક્યાં સુધી વળગીને રહેશે,
સમયના વ્હેણમાં ઓગળી પાણી થઈને રહેશે,
સુદ્રષ્ટિએ જીવન અમૃત બનાવી ચાલુ તો ખરો,
અસત્યના પંથે મારું અસ્તિત્વ ઘસાઈને રહેશે,
અંતેપ..જીવન સત્યને સમજી માણું તો ખરો.
બરફની ઠંડકે ભીતરે ટાઢકે હાશ અલ્પ રહેશે,
ભૂખ્યાને ભોજન આપીને ભીતરે સંતોષ રહેશે,
માનવતાની સેવાએ નિરંતર ભીતરે પ્રભુ રહેશે,
'ઝરૂખો' કહે અમર નથી તું સેવા તારી બોલશે,
અંતેપ..જીવન સત્યને સમજી માણું તો ખરો.
દિલીપ સી. સોની'ઝરૂખો' અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO.356

વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ ચિત્રા
પ્રકારઃ ગદ્ય શબ્દ : ૩૫૦

આજે એ સાફસફાઈ કરી રહી હતી ત્યારે તેણી સાવરણી સાથે વાત કરવા માંડી ને પુછ્યુ કે, "સાવરણી બાઈ, તું રોજ કચરો તારા શરીર પર ચોંટાડી મારૂ આખું ઘર સાફ કરી દે છે, તો તને ક્યારેય માઠું નથી લાગતું? કેમ કે, આમ કરવાથી તારૂ શરીર તો ગંદુ જ થાય છે."

સાવરણી તો ખડખડાટ હસી પડી, " ચિત્રા, તુ મારા દ્રારા થયેલી સફાઈથી જે તાજગી અનુભવે છે અને તારા ઘરના દરેક સભ્યો એ જ સફાઈથી સ્વસ્થ રહે છે તો હું માઠું કેમ લગાડું? મને તો કંઈક સારું કામ કરતી હોવાનો આનંદ પ્રગટ થયા કરે છે."

ચિત્રા દુઃખ વ્યક્ત કરતા બોલી કે, "જ્યારે કામ કરતા કરતા તારૂ શરીર ઘસાય જાય અને તુ નકામી બની જાય એટલે બધા તને એ જ કચરા જોડે ફેંકી દે છે ત્યારે તો તને ખરાબ લાગતું જ હશે ને?"

સાવરણી બાઈ એ મીઠું સ્મિત વેર્યું અને ચિત્રા ને સાંત્વના આપતા કહ્યું, "અરે... દોસ્ત.. તૂં કેમ દુઃખી થાય છે? તારા મન જે કચરો છે એ જ મારે મન મોક્ષ નું દ્રાર છે. લોકોને સ્વચ્છતા ની બક્ષીસ રોજ આપી ને હું પુણ્ય કમાવા નીકળી છું. જ્યારે મારૂ જીવન પુરૂ થાય અને મને ફેંકી દેવામાં આવે, ત્યારે ઈશ્વર પણ મારી ઉપર પ્રસન્ન થાય છે. એ ગર્વ અનુભવે છે કે હું જાણતી હતી કે, એક દીવસ ફેંકાઈ જઈશ તો પણ હું મારૂ કર્મ પ્રેમ ભાવ થી જ કરૂ છું. આથી, પ્રભુ મને ફરી સ્વર્ગ માં જ સ્થાન આપે છે.પૃથ્વી પર મારૂ અવતરણ લક્ષ્મી તરીકે થાય છે અને ધન તેરસ ના દીવસે મારૂ પુજન કરવામાં આવે છે."

ચિત્રા ને સારા કર્મ નું મહત્વ સમજાવ્યું એક સાવરણી બાઈ એ, હવે તેણી ને કોઈ ખેદ રહ્યો ન હતો કહ્યું, "હે... સાવરણી બાઈ... તું ખરેખર મહાન દેવી સ્વરૂપ છે. હું તને મારા ઘરની લક્ષ્મી સમજવા લાગી છું. તારા સ્વભાવ ના સદગુણ હું મારા જીવનમાં જરૂર ઉતારીશ. ત્યાંર પછી તેણી સાવરણી ને પગે લાગી, વ્યવસ્થિત જગ્યા પર મૂકી અને ફરી પોતાના બીજા કામમાં વ્યસ્ત થઈ ગઈ.

ચિત્રા નિર્જીવ વસ્તુને પણ એટલો જ પ્રેમ કરે છે જેટલો તેણી સજીવ ને કરે છે. આપણા જીવનમાં રહેલી તમામ વસ્તુઓ આપણને કંઈક સારૂ તો શિખવે જ છે. તો માણસે એમના માંથી પણ પ્રેરણા લેવી જોઈએ એવું ચિત્રા માને છે.

નામઃ સુમિતા હીરપરા -સુરીલી. વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO. 187

વિષય : મનપસંદ.
શીર્ષક : વાત વીરતાની.
પ્રકાર :પધ શબ્દો ;૬૭

હૈયે હામ ભરીને ઉપાડ્યા હથિયાર છે.
દુશ્મનોને પાઠ ભણાવવા ઉપાડ્યા હથિયાર છે.

વીરોની ભૂમિ છે આ ના કાયરતાની વાત છે.
શૂરવીરતા ની સાથે આ વીરતાની વાત છે.

પ્રેમની બોલી બોલી જાણે પ્રેમથી કરે વાત છે.
ખંજર ભોંકે પીઠમાં એને ના બક્ષવાની વાત છે.

સિંદુર છે અણમોલ આ સનાતન ધર્મ ની વાત છે.
કીંમત ચૂકવવી પડશે ભારી આતો સન્માન કેરી વાત છે.

સહિષ્ણુ છે કાયર નથી આ બસ સમજાવવાની વાત છે.
લીધા હથિયાર હાથમાં આતો વીરતાની વાત છે.

રચયિતાઃ ચારુલતા દોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG. SS No: 194

વિષય : મનગમતી કૃતિ
શીર્ષક : ઓપરેશન સિંદૂર
પ્રકાર : પદ્ય, શબ્દ :૧૦૦

"ભારતની ભૂતળ ઉપર સર્જ્યો, આતંકવાદે તીવ્રપણે હા.હા...કાર,
મોતના ખેલથી રચ્યો ભય,નિર્દોષોનો કરી ભીષણ સંહાર,

ધર્મ પૂછીને.. મારી ગોળીઓ, લૂંટ્યું સ્ત્રીઓનું કિંમતી સુહાગ,
નિહાળીને આ ક્રૂર ઘટના,વરસાવ્યો સૌએ એમનાપર ફિટકાર.

' ઓપરેશન સિંદૂર 'નાં મિશનથી કર્યો ભારતે,
આતંકીસ્તાન ઉપર જબરજસ્ત પ્રહાર,
આતંકી વસાવાટોનાં વિનાશ વડે, કર્યો ભારતે કમરતોડ વાર.

મેં નિહાળી યુદ્ધની આ સ્થિતિ, જીવાતા જીવનમાં સાચેજ પ્રથમવાર
પાકિસ્તાનના થતા હાલ જોઈ, ખુશી થતી મને પારાવાર.

બેબાકળા પાકિસ્તાને કર્યો હુમલો, ભારતનાં વિવિધ સ્થાનોપર વારંવાર,
મજબૂત ભારતીય સેનાએ વીરતાથી, તોડ્યા એના શસ્ત્રોના મહત્તમવાર.

આતંકના ખાત્માથી ભારત સ્થાપે, વિશ્વભરમાં પોતાની એક ધાક,
'જય હિન્દ'ના વિજયી નારા ગુંજે,પ્રાર્થના પ્રભુને એવી આજ."

નામઃ ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG. SS- No :106

વિષય-મનગમતી રચના
શીર્ષક- "કાંઈક ખૂટે છે"
પ્રકાર -ગદ્ય. શબ્દ-૨૦૧

શોધું શોધું તોય ના મળે,
એવો તરફડાટ એટલે ?
તમે કહેશો,
જળ બહાર આણેલા
કોઈ મીન ને પૂછી જુવો !
મળશે! ખૂટવું?
ઘૂઘવતા દરિયાની ભીતર
કોઇ
કોરું કોરું તરફડે..
એને તમે શું કહેશો ?
કવિએ સરસ ગાયું છે.
"શાને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો!" માત્ર પંખી જ પીંજરામાં પૂરાયેલું તરફડતું નથી, પણ ખુલ્લા આસમાનમાં ઊડતું પંખી માણસજાતથી ડરે પણ છે!
જેમ ધરતીના ગર્ભમાં ક્યાંક અંદર કોઈક કારણ સર ધગધતો દાવાનળ જે અચાનક જ્વાળામુખી બની ધરતીને ફાડી બહાર આવી જાય છે. તેમ
સતત જીવનને માણવા માટે, જીવ તડપતો રહે છે. આપણને આ સંસારમાં બધું જ મળ્યું છે, છતાં એને(જીવને) એમજ થતું હોય છે કાંઈક ખૂટે છે.
એવું શું હશે કે જાહોજલાલીમાં રહેતા રાજા-મહારાજાઓ, અચાનક સંસાર છોડી દઈ સાધુ બની જાય છે! સિકંદરે આખી દુનિયા જીતી લીધી પણ મરતી વખતે એણે એટલું જ કહ્યું "મારા હાથ ખુલ્લા રાખજો. જેથી દુનિયાને ખબર પડે,ખાલી હાથ આવ્યા ને ખાલી હાથ જવાનું છે. "
મહાવીર,કબીર, નરસૈંયો કે આપણે સૌ આ સંસારના સુખ સાહ્યબીની વચ્ચે, એવા સુખની શોધમાં છીએ, જેની કોઈ વ્યાખ્યા નથી.
એટલે જ તો
બધું જ જડભરત થઈ દૃષ્ટાભાવથી સ્વીકારશું તો તડપવુ નહિ પડે.
મુક્તિદા કુમાર....રુપલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGSS No. 354

વિષયઃ- મનગમતી રચના
શીર્ષકઃ- હોવું જ જોઈએ
પ્રકારઃ- પદ્ય(શબ્દ સંખ્યા–૭૭)
———————

હા, એવું એક જણ તો હોવું જ જોઈએ,
જે આદિ, મધ્ય અને અંત સુધી તમારું હોવું જોઈએ.

બદલાતો રહે સમય ભલે પણ,
દરેક સ્થિતિમાં એ તમારી સંગ હોવું જોઈએ.

જ્યારે એ પૂછે "કેમ છે?"
"નથી સારું"- એવું સાચેસાચું એની સામે બોલાવું જોઈએ.
ચિંતાનું પોટલું એની સામે તો ખોલાવું જ જોઈએ.

દુનિયાની સામે ભલે જેવાં હોવ એવાં,
પણ એની સામે તો મૂળ સ્વરૂપે વ્યક્ત થવાવું જોઈએ.

સાલું, આવડી મોટી દુનિયામાં " રેશમ" એક જણ તો એવું હોવું જ જોઈએ
--------------
રેશ્મા પટેલ "રેશમ"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGSS No. 152

વિષયઃ- મનગમતી રચના
શીર્ષકઃ- થાય છે આવું ઘણું..
પ્રકારઃ- પદ્ય ગઝલ શબ્દ સંખ્યાઃ ૮૩
———————

થાય છે આવું ઘણું કારણ વિના.
ઝાંઝવાં ઘાંઘાં થતાં જ્યાં રણ વિના.

પ્રશ્ન પૂછી જો ખરેખર પણ વિના.
તો પછી સઘળું કહું ભારણ
આભાર - નિહારીકા રવિયા વિના.

ગામમાં તારાજ થ્યાં ગૌચર પછી,
સાવ સૂનો ગોંદરો છે ધણ વિના.

વાગતાં હો ઢોલ અનહદ તાલ પણ,
નાચવું શું આપણાં આંગણ વિના?

જ્યાં નથી ઉપચાર કે કંઇ ચાકરી,
રોગ વકરી જાય ત્યાં મારણ વિના.

વાત પર વ્હાણાં વિત્યાં વરસો તણાં,
ચાલતું ક્યારેક ના જે ક્ષણ વિના.

એ ગયાં એના પછી તો શું લખું?
વારતા બાકી છે એ પ્રકરણ વિના.

શદિલીપ ધોળકિયા "શ્યામ" જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO:383

વિષયઃ"સર્જક ની મનગમતી સ્વરચિત રચના"
શીર્ષકઃશિવોહમ તું...
પ્રકારઃ પદ્ય અછાંદસ શબ્દોઃ૬૨

ક્ષેત્ર તું ક્ષેત્રજ્ઞ તું,
પરા અપરાની ગાથા તું...

પંચભૂતોમાં તત્વ રૂપી તીર્થ તું,
અહં થી અર્હમની યાત્રા તું...

અવ્યક્ત પ્રકૃતિમાં અદ્રશ્ય તું,
ગુણાંત ગુણાતીત અલિપ્ત તું ..

ચલથી ચલિતની અભિવ્યક્તિ તું
મુજમાં વિસ્તારતું બ્રહ્માંડ તું..

જીવાદોરીને જોડતું બિંદુ તું,
વર્તુળ માં રહેલ કેન્દ્રબિંદુ તું...

અંતથી અનંત નું વિસ્તરણ તું
સર્વવ્યાપી સુક્ષ્મ શૂન્ય તું...

તું...તું...તું... બસ તું જ તું,
ઓમકાર અવિનાશી શિવોહમ તું...

દર્શના મીતિ 'મીતિ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG NO:OO59

વિષયઃગમતી રચના
શિર્ષક ★સિંદૂર★શબ્દો : ૧૨૦.
લેખક જયકાન્ત ઘેલાણી"પ્યારે".

પ્યારે ઊગ્યો ભારતમા સોનેરી સૂર્ય આજ

ગગને શોભી રહ્યોછે ભારતિય શૌર્યનો તાજ

કાપ્યુ નાક પાકીસ્તાન નુ આજ

માર્યા,"ચપટી ભર્યા સિંદૂરે'!

પ્યારે,થયું ,છે
આજ વિશ્ર્વ ચકિત

ભારતિય સેનાનુ અખૂટ શોર્ય જોઈ

આતંકીઓને ગયો આપણો સણસણતો જવાબ

તેનીજ ભાષા ને તેનાજ દેશમાં

હવે આવસે અંતિમ દિવસ પાક સંચાલીત આતંકનો

ફફડાટ ફેલાયો છે મસ્જીદો ને
મૌલવીઓમા

ચિતાં પેઠીછે આતંકીઓના કેમ્પમા

હવે બચશુ કેમ ભારતિય સૈન્યથી

કયાં ખોવાયા છે બોગસ ગાંધી ?

મૂખમે રામ ઔર
બગલમે છૂરી હવે નહી ચાલે

પ્યારે 'જાગૃત થયોછે હવે હિન્દુ આજ !

તે જોયુ અંધારે,
તે તો હતુ ટેલર !

મેઈન પીકચર તો હવે તારે નજીકમા. જૉવાનુ રહેછે

તને ચખાડ્યુ છે ભારતે હનુમાન નું સિંદૂર આજ

પ્યારે હવે કરવા આતંકી નો નાસ

ટૂકં સમયમા કામ કરશે,રામનુ એક બાણ!.

# પ્રવર્તમાન તંગદિલીની સ્થિતિને પગલે આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં આરોગ્ય વ્યવસ્થાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી



**★આરોગ્યમંત્રીશ્રીએ રાજ્યના સરહદી જિલ્લાઓમાં આરોગ્યવિષયક તમામ સેવા-સુવિધાઓની ઝીવણટભરી વિગતો મેળવીને આગોતરી વ્યવસ્થાઓ સદંર્ભે જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી**

..................

**★સરહદી જિલ્લાઓ સહિત રાજ્યના તમામ જિલ્લાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઇ મેડિકલ કોલેજ સંલ્ગન હોસ્પિટલ કટોકટીની પરિસ્થિતિમાં જરૂરી તમામ સેવા-સુવિધાઓથી સજ્જ**

..................

**★આરોગ્ય વિભાગના સચિવ, તમામ અધિકારીઓ સહિત તમામ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારીઓ વીડિયો કોન્ફરન્સમાં જોડાઇને સમગ્ર સ્થિતિની વિગતવાર ચર્ચા કરી**

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલ તંગદિલીની પ્રવર્તમાન પરિસ્થિતિમાં સરહદી રાજ્ય તરીકે ગુજરાતમાં આરોગ્યસેવા અને સુવિધાઓ સંલગ્ન સતર્કતા અને સજ્જતાની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગર ખાતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરી હતી. મંત્રીશ્રીએ ગુજરાતમાં પાકિસ્તાન સાથે દરિયાઇ, જમીની અને હવાઇ સીમાથી જોડાયેલ સરહદી જિલ્લાઓમાં વિશેષતઃ કટોકટી સમયે જરૂરી આરોગ્ય સેવા-સુવિધાઓની સમીક્ષા કરી હતી. આ તમામ જિલ્લાઓમાં દવાના જથ્થા, બેડની , આઇ.સી.યુ.ની સુવિધાઓ, બ્લડની જરૂરિયાત સંદર્ભેની આગોતરી વ્યવસ્થાની તમામ વિગતો મેળવીને જરૂરી સૂચનાઓ આપી હતી. કટોકટિની તમામ પરિસ્થિતિને પહોંચી વળવા આરોગ્ય વિભાગની સજ્જતા અને પૂર્વતૈયારી સંદર્ભે મંત્રીશ્રીએ વિશેષ માર્ગદર્શન અને સૂચના આપીને આ તમામ કામગીરી સુનિશ્ચિત કરવા માટેના દિશાનિર્દેશ કર્યા હતા.ગાંધીનગર ખાતે યોજાયેલ આ વીડિયો કોન્ફરન્સમાં આરોગ્ય વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, કમિશ્નર શ્રી રતનકવરજી, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાકિસ્તાનના આતંકવાદી અડ્ડાઓ પર ભારતીય સૈનિક કાર્યવાહીની આવકારતા : જૈન આચાર્ય લોકેશજી



અહિંસા વિશ્વભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, ખ્યાતનામ જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે પાકિસ્તાન અને પાકિસ્તાન દ્વારા અધિકૃત કાશ્મીરમાં આવેલા ૯ આતંકવાદી અડ્ડાઓ પર ભારતીય સેનાએ જે દ્રઢ પગલાં લીધાં છે, તે વખાણવા લાયક છે. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને ત્રણે સેનાના વડાઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં. જૈન આચાર્ય લોકેશજીએ કહ્યું હતું કે ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા નરાધમ આતંકવાદી હુમલામાં અનેક નિર્દોષોના જીવ ગયાં હતા, ઘણી બહેનોના સુહાગ ઊજળી ગયાં હતા. ભારતીય સેનાએ આ હિંસાને ન્યાય આપતા જવાબ આપ્યો છે.આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂરની સફળતાથી દરેક ભારતીય ગર્વ અનુભવે છે. દેશના તમામ ધર્મગુરુઓ આજે સેનાના અને દેશના નાયકોના હાથ મજબૂત કરવા માટે આતંકવાદ વિરુદ્ધ એકરૂપ છે. આચાર્યશ્રી લોકેશજી દેશના તમામ નાગરિકોને અપીલ કરી કે આ સમયે મતભેદો અને મનભેદો ભૂલીને દેશ માટે એક બનીને સેનાને અને સરકારને ભાવનાત્મક સહારો આપવાનો છે. દેશ સર્વોપરી છે – તેથી જાતિ, ધર્મ કે સંપ્રદાયનું ભુલાવીને આપણે આંતરિક શાંતિ જાળવી રાખવી જોઈએ. વિશ્વ શાંતિ અને પરસ્પર પ્રેમનો સંદેશ આપનાર આપણા દેશની પ્રથમ માનસિકતા અહિંસાનું માર્ગ રહી છે – પણ આપણા વિનમ્ર સ્વભાવને ભય કહો તે અનુચિત છે

# આહના દ્વારા સ્ટાર હેલ્થ અને કેર હેલ્થ ઈન્સ્યોરન્સ નું કેશલેસ નું સસ્પેન્શન પાછું ખેંચાયું.

અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશન દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા કેટલાક સમયથી સ્ટાર હેલ્થ, કેર હેલ્થ ઈન્સ્યોરન્સ અને ટાટા એઆઈજી કંપની દ્વારા દર્દીઓ અને હોસ્પિટલોને ક્લેઈમ અંગેના કેટલાક મુદ્દાઓ બાબતે હેરાનગતિ થતી હોવાના વિરોધમાં અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશન દ્વારા ૨ એપ્રિલ ૨૦૨૫ થી અમદાવાદની તમામ મેમ્બર્સ હોસ્પિટલ દ્વારા આ કંપનીઓના પોલીસી ધારકો માટે કેશલેસ ની સેવાઓ સસ્પેન્ડ કરવામાં આવી હતી.આ સંદર્ભે સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ તેમજ કેર હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીના પ્રતિનિધિઓ સાથે થયેલી મીટીંગ્સમાં બંને કંપનીઓ દ્વારા દર્દીઓ તથા હોસ્પિટલોને લગતા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની બાહેધરી આપ્યા બાદ અમદાવાદ હોસ્પિટલ સેન્ડ નર્સિંગ એસોસિએશન દ્વારા સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ તેમજ કેર હેલ્થ ઈન્સ્યોરન્સના પોલિસી ધારકો માટે નું કેશલેસ સર્વિસીસ સસ્પેન્શન પાછું ખેંચવામાં આવવાનું જાહેર કરવામાં આવે છે.

# વાઘેશ્વરી ધામ સંકુલમાં મંદિરનો શિલાન્યાસ વિધિ યોજાયો

પ્રકાશ ભટ્ટ દ્વારા તા.૧૧

ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા વાલમ બ્રાહ્મણ કુળદેવી વાઘેશ્વરી માતાના મંદિર ઉપરાંત અન્ય મંદિરોનો શિલાન્યાસ વિધિ વાઘેશ્વરી ધામ ઓગણજ રીંગ રોડ સર્કલ મુકામે યોજાયો . આ પ્રસંગે શીલા પૂજન અને હવન વગેરે શાસ્ત્રી જગદીશભાઈ જોશી વિસ્તપુરા દ્વારા યોજાયો. આ પ્રસંગે પૂજ્ય સંત ગૌભક્ત કલિદાસબાપુ, વાલમ બ્રાહ્મણ સમાજના મહામંડળના પ્રમુખ અને રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં સમગ્ર



વાલમ બ્રાહ્મણ જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. આ પ્રસંગે સમાજના એડવોકેટ સુધીર વ્યાસ.રાજકીય યુવા અગ્રણી નિસર્ગ વ્યાસ, પરેશ વ્યાસ એડવોકેટ નું સન્માન કરવામાં આવ્યું હતું.

# દાખલ થવાની જરૂર નથી તેવું કહી કલેઈમ નકારતી સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીને દંડ ફટકારતી સુરત ગ્રાહક સુરક્ષા કોર્ટ

સ્ટાર હેલ્થ વીમા કંપનીના વીમા ધારક સેજલબેન એ પટેલ – રહે.સુરત. દ્વારા મેડિકલેઈમ પોલિસી લેવામાં આવેલ હતી. પોલીસી ધારકને ખાવામાં તકલીફ થતાં હોસ્પિટલ જઈ દાખલ થઈ સારવાર લેવી પડી હતી. આ સારવારના પેપર વીમા ધારક સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીને કલેઈમ અર્થે આપ્યા હતા અને સ્ટાર હેલ્થ વીમા કંપની દ્વારા સાવ ખોટી રીતે આ વીમો નકારી દેવામાં આવ્યો હતો.વીમો નકારવાનું કારણ વીમા કંપનીએ જણાવેલ કે દર્દીને દાખલ થઈ સારવાર લેવાની જરૂર નહોતી. ઓ.પી.ડી ના આધારે પણ સારવાર લઈ શકતા હતા. આ બાબતે સામાન્ય પ્રશ્ન થાય કે એ.સી ચેમ્બરમાં બેસી કેવી રીતે વીમા કંપની કેવી રીતે નક્કી કરી શકે કે દર્દીને દાખલ થઈ સારવાર લેવાની જરૂર હતી કે નહિ? છતાં સારવાર આપનાર ડોકટરે પોતાની સારવાર પર વીમા કંપનીએ પ્રશ્ન ઉઠાવેલ તે સંદર્ભે એક સ્પષ્ટીકરણ ઈમેઈલ દ્વારા આપેલું અને એ ઈ -મેઈલ પણ સ્ટાર હેલ્થ વીમા કંપનીએ ગણકારેલ નહિ અને કલેઈમ ના પૈસા ચૂકવેલ નહિ.

# ૧૪ મે સુધી ગુજરાતના ૮ એરપોર્ટ બંધઃજામનગર જિલ્લામાં ઈમર્જન્સી જેવી સ્થિતિ, કલેક્ટરની વેપાર-ધંધા બંધ રાખવા અપીલ




ભારત-પાકિસ્તાન વચ્ચેની સંભવિત યુદ્ધની પરિસ્થિતિને લઈને રાજય સરકારે પણ તાબડતોબ પગલાં ભરવાનું શરૂ કરી દીધું છે. પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વનાં સ્ટેશનો પર સુરક્ષા વધારી ડોગ સ્ક્વોડ-બોમ્બ સ્ક્વોડથી સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે મોરચા પોઈન્ટ પણ બનાવી દેવામાં આવ્યા છે. તો સોમનાથના દરિયાકાંઠે ચોકીઓ ઊભી કરી દેવાઈ છે. હાલની સ્થિતિને લઈ ગુજરાતના તમામ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. માત્ર એટલું જ નહી, ઈમર્જન્સીને પહોંચી વળવા એમ્બ્યુલન્સ પણ સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે અને રાજ્યભરની હોસ્પિટલોમાં દવાથી લઈને જનરેટર સહિતની સુવિધા સજ્જ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રીથી લઈ ગૃહ રાજ્યમંત્રી સતત બેઠકો કરી રહ્યા છે. તેમજ આ મામલે મુખ્યમંત્રીએ વડાપ્રધાન મોદી સાથે પણ ચર્ચા કરી હતી. રાજ્યમાં ૧૫ મે સુધી ફટાકડા અને ડ્રોન પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.સોશિયલ મીડિયોમાં અફવા અને સેનાનું મનોબળ તૂટે એવી પોસ્ટ કરનારા ચાર લોકો સામે શુક્રવારે (૯ મે, ૨૦૨૫) ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ગતરોજ ગૃહમંત્રીએ જિલ્લા વડાઓ સાથે વીડિયો કોન્ફરન્સથી મિટિંગ કરી આવા લોકો સામે કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે.પાટણ જિલ્લાના સીમાવર્તી સાંતલપુર તાલુકાના તમામ ૭૧ ગામોમાં તકેદારીના ભાગરૂપે આજરોજ પણ બ્લેકઆઉટ કરવાનું રહેશે. તમામ નાગરિકોને અફવાઓથી દૂર રેહવા અને વહિવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ છે.ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ પાકિસ્તાનને મદદ કરતા તુર્કી અને અઝેરબઈઝાનનો બોયકોટ કર્યો છે. આતંકવાદને પ્રોત્સાહન આપતા પાકિસ્તાનને મદદ કરતા તુર્કી અને અઝેરબઈઝાનમાં કોઈ ટ્રાવેલરને ભારતની એક પણ ટ્રાવેલ એજન્સી મોકલશે નહિ. ભારત પર આ બંને દેશોની ઈકોનોમી ચાલી રહી છે અને આ બંને દેશો જ ભારતને બદલે વિરોધી પાકિસ્તાનને મદદ કરી રહ્યા છે, જેથી ઉપરોક્ત બંને દેશોની ઈકોનોમિ તોડવા માટે ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૪માં ભારતમાંથી ૨.૭૫ લાખ ભારતીયો તુર્કી પહોંચ્યા હતા. જયારે વર્ષ ૨૦૨૪માં ભારતમાંથી ૨.૫ લાખ ભારતીયો અઝેરબઈઝાન ફરવા ગયા હતાં.

# ગાંધીનગરમાં નિવૃત્ત ASIનો પુત્ર GPSC ચેરમેન સાથે સેટિંગનો દાવો કરી તોડ કરતાં પકડાયો

ગાંધીનગરમાં એક વ્યક્તિને પોલીસે ઘ-૦ બ્રિજ નીચેથી ઝડપી લીધો છે. આરોપી પોતાની ઓળખ ACB PIના રૂપમાં આપી GPSC ચેરમેન અને કલેકટર સાથે સેટિંગ હોવાનો દાવો કરી ૨૫ હજારનો તોડ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

સાબરકાંઠાના તલોદના પત્રકાર રાકેશભાઈ શાહની દીકરી સ્વાતિને ૧૯ એપ્રિલે રાહુલ પટેલ નામની વ્યક્તિનો મેસેજ આવ્યો હતો. આરોપીએ પોતાની ઓળખ PSI તરીકે આપી GPSC પરીક્ષામાં પાસ થવા માટે મદદની ઓફર કરી હતી. તેણે સ્વાતિની માતાને પણ મેસેજ કરી GPSC ચેરમેન હસમુખ પટેલ સાથે સેટિંગ હોવાનો દાવો કર્યો હતો.પત્રકાર રાકેશકુમારે આરોપી સાથે વાતચીત કરતાં તેણે



ગાંધીનગર કલેક્ટર કચેરીમાં સેટિંગની વાત કરી. પોતે ACB PI કે.ડી. પટેલ હોવાનું જણાવી ૨૫ હજારની એડવાન્સ માંગણી કરી હતી. શંકા જતાં રાકેશકુમારે પોલીસને જાણ કરી આરોપીને ઘ-૦ સર્કલ બ્રિજ પર બોલાવ્યો હતો. પોલીસે વોચ ગોઠવી આરોપીને પકડી લીધો હતો. સેક્ટર-7 PI બી.બી. ગોયલના જણાવ્યા મુજબ, આરોપીનું સાચું નામ સોયબહુસેન ગુલામહુસેન શેખ છે. તે અમદાવાદના રખિયાલમાં રહે છે અને તેના પિતા નિવૃત્ત આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર છે. આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


# ખાડા વિસ્તારમાં કોલેરા પ્રસર્યો હતો તે વિસ્તારનું પાણી પણ પીવા લાયક નથી

દહેગામ શહેરમાં ગત મે માસના અંતમાં એસટી સ્ટેન્ડ પાસે આવેલા ખાડા વિસ્તારને કોલેરાના રોગચાળાએ ભરડામાં લીધું હતું. નાના બાળકો તેમજ વૃદ્ધો પણ કોલેરામાં સપડાયા હતા હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીમાં દહેગામ શહેરમાં રોગચાળો પ્રસરે નહીં તેની અગમચેતી રૂપે અર્બન પીએચસીના હેલ્થ ઓફિસર દ્વારા શહેરની શિવનગર સોસાયટી,એસટી સ્ટેન્ડ પાસેના ખાડા વિસ્તાર તેમજ વણકરવાસ વિસ્તારમાંથી પાણીના નમુના લઈને ગાંધીનગરની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના માઈક્રો બાયોલોજી વિભાગમાં ચકાસણી અર્થે મોકલી આપ્યા હતા જે પાણીના નમુના બિન પીવાલાયક હોવાનો રિપોર્ટ આવતા અર્બન હેલ્થ ઓફિસર દ્વારા શહેરમાં પાણીજન્ય રોગચાળો પ્રસરવાની શક્યતાને લઈ શહેરમાં આપવામાં આવતા પાણી પુરવઠાની પાઈપલાઈનોની તપાસ કરાવી જો લીકેજ હોય તો તેને પણ દૂર કરી પીવાલાયક પાણી મળી રહે તે માટે દહેગામ નગરપાલિકાના ચીફ ઓફિસરને પત્ર લખીને જાણ કરી છે. દહેગામ શહેરના એસટી સ્ટેન્ડ પાસે આવેલા શ્રમિક એવા ખાડા વિસ્તારમાં ગત વર્ષે ૩૧ માર્ચના રોજથી કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. હાલમાં પણ કાળઝાળ ગરમી પડી રહી છે જેથી આગામી સમયમાં શહેરમાં પાણીજન્ય રોગચાળો પ્રસરે નહીં તે માટે શહેરના અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરના હેલ્થ ઓફિસર દ્વારા શહેરની શિવનગર સોસાયટી,એસટી સ્ટેન્ડ પાસેના ખાડા વિસ્તાર તેમજ વણકરવાસ વિસ્તારમાંથી દહેગામ પાલિકા દ્વારા પૂરા પાડવામાં આવતા પાણીના નમુના એકત્ર કરવામાં આવ્યા હતા જે નમૂનાને ગાંધીનગરની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગમાં પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા.

## કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે ગુજરાત સરકારનો નિર્ણય

# રાજ્ય સરકારના કર્મચારીઓની રજાઓ રદ, ૧૫ મે સુધી ડ્રોન-ફટાકડા પર બૅન

ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધની સ્થિતિમાં ગુજરાત સરકારે તમામ કર્મચારીઓ અને અધિકારીઓની રજાઓ રદ કરી દીધી છે. સરકારે જાહેર કરેલી યાદી અનુસાર ‘પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારના બધા જ વિભાગો અને ખાતાઓ તેમજ બોર્ડ, નિગમો, પંચાયત, કોર્પોરેશન તથા સ્વાયત અને અનુદાનિત સંસ્થાઓના અધિકારીઓ-કર્મચારીઓની અનિવાર્ય સંજોગો સિવાયની બધા જ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે.સરકારી આદેશ અનુસાર રજા પર ગયેલા અધિકારી-કર્મચારીઓને તાત્કાલિક અસરથી



ફરજ પર હાજર થવા જણાવાયું છે. આ ઉપરાંત કોઈપણ અધિકારી- કર્મચારીઓએ વિભાગના વડા, ખાતાના વડા કે કચેરીના વડાની પૂર્વ મંજૂરી મેળવ્યા વગર મુખ્ય મથક(હેડ ક્વાર્ટર) નહીં છોડવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે. જ્યાં સુધી ગુજરાત સરકારનો સામાન્ય વહીવટ વિભાગ નવી સૂચના જારી ન કરે ત્યાં સુધી આ આદેશ લાગુ રહેશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના સચિવ રમેશ ચંદ્ર મીણાને સૂચના આપીને રાજયમાં અનાજ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓનો જરૂરી જથ્થો જળવાઈ રહે અને તેના કાળાબજાર ન થાય તે માટે તાકીદ કરી છે.

# ગાંધીનગર કોર્ટમાં ૩૦ વકીલને ડાયાબિટીસ, ૧૨ વકીલને ક્રિટિકલ બીમારી

ગાંધીનગર કોર્ટમાં ૧૫૦૦ કરતા વધારે વકીલો બાર એસોસિએશનમાં નોંધાયેલા છે, જેમાંથી ૫૦૦ જેટલા વકીલો પ્રેક્ટીસ કરે છે. ત્યારે વકીલોના સ્વાથ્યને લઈને આજે શુક્રવારે મેડીકલ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૭૫ વકીલોએ ચેકઅપ કરાવ્યુ હતુ. જેમાં ૩૦ વકીલને ડાયાબિટીશ અને ૧૨ વકીલને ક્રિટીકલ બીમારી સામે આવી હતી. ગાંધીનગર કોર્ટ સંકુલમાં વકીલો માટે ગાંધીનગર બાર એસોસિએશન અને ડીસ્ટ્રીક બાર એસોસિએશન દ્વારા એક મેડીકલ ચેકઅપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. હાલમાં ગાંધીનગર કોર્ટમાં યુવાન વકીલની સંખ્યા વધારે છે. જયારે ઉંમર લાયક વકીલોની સંખ્યા નહિવત જોવા મળતી હોય છે. ત્યારે ભાગદોડવાળા સમયમાં અને પોતાના અસીલોના કેસ લડતા લડતા પોતાના સ્વાથ્યનુ ધ્યાન ઓછુ રાખતા હોય છે. આ સ્થિતિ વચ્ચે આજે મેડીકલ ચેકઅપ કેમ્પનુ આયોજન કરાયુ હતુ. જેમાં ૧૭૫ વકીલોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં ૧૨ વકીલોમાં ક્રિટીકલ બીમારી જોવા મળી હતી. જયારે ૩૦ વકીલમાં ડાયાબિટીશની માત્રા વધારે હતી. તે ઉપરાંતના વકીલોમાં સામાન્ય બીમારીઓ જોવા મળી હતી. પોતાના અસીલનુ ધ્યાન રાખતા વકીલોએ પોતાના શરીરનુ પણ ધ્યાન રાખવુ જરૂરી બની ગયુ છે . કોર્ટમાં વકીલોના હેલ્થચેકઅપ કેમ્પ યોજાયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.